યા દેવી સર્વભૂતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતામ્, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૯૮ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૭, બુધવાર ; આસો સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મહામના એક્સપ્રેસમાં ચોરી

તાજેતરમાં જ શરૂ કરાયેલી મહામના એક્સપ્રેસની પહેલી જ ટ્રીપમાં ચોરી થઈ હોવાનું ધ્યાને આવ્યુ છે. ટ્રેનમાં લગાવેલા ત્રણ નળ, ચાર શાવર અને બે કાર્પેટની ચોરી થઈ ગઈ હતી.

### દિગ્વિજયસિંહ છ માસની રજા પર

કોંગ્રેસના જનરલ સેક્રેટરી દિગ્વિજયસિંહે રાજકારણમાંથી ૬ મહિનાનો બ્રેક લીધો છે. આ દરમ્યાન તેઓ ૩૩૦૦ કિ.મી.ની નર્મદા પરિક્રમા કરશે.

### હવે ફૂટબોલની જેમ ક્રિકેટમાં પણ રેડ કાર્ડ

આઈસીસીએ ક્રિકેટના કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા છે. જે ૨૮ સપ્ટેમ્બરથી લાગુ થશે. હવે ફૂટબોલની જેમ ક્રિકેટમાં પણ રેડ કાર્ડ સિસ્ટમ લાગુ પડશે. બેટની સાઈઝ પણ બદલવામાં આવશે.

### હનીપ્રીતને પકડવા દિલ્હીમાં વ્યાપક દરોડા

હરિયાણા પોલીસે આજે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં વ્યાપક દરોડા પાડ્યા હતા. સાધ્વી પર બળાત્કારના કેસમાં દોષિત જાહેર થયા બાદ હાલમાં જેલની હવા ખાઈ રહેલા વિવાદાસ્પદ ડેરા સચ્ચા સૌદાના વડા ગુરમીત રામ રહિમ સિંહની દત્તક લીધેલી પુત્રી હનીપ્રીતને પકડી પાડવા માટે દરોડાની કાર્યવાહી ચાલી રહી છે.

# આજે બિનઅનામત વર્ગો માટે આયોગ રચાશે

**નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલના અધ્યક્ષ સ્થાને પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને પાસ-એસપીજીના કન્વીનરો સાથેની બેઠકમાં પોલીસ દમન અંગે તપાસ પંચ રચવાની તથા મૃતકોના વારસદારને સહકારી સંસ્થાઓમાં નોકરી આપવા જાહેરાત : પાસ અને એસપીજીએ અનામત અંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી**

ગાંધીનગર, તા. ૨૬

રાજ્ય સરકાર આવતીકાલે મળનારી રાજ્યમંત્રી મંડળની બેઠકમાં બિન અનામત વર્ગો માટેનુ આયોગ રચવા અંગેની દરખાસ્તને મંજૂરી આપવાની અને પોલીસદમન અંગે તપાસ કરવા તપાસ પંચ રચવાની જાહેરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કરી હતી.

ગાંધીનગર ખાતે આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને કૃષિમંત્રી શિક્ષણ રાજ્યમંત્રીની ઉપસ્થિતિમાં આજે પાટીદાર સમાજના વિવિધ સંસ્થાના આગેવાનો અને પાસના આગેવાનો એસપીજીના આગેવાનો સાથે મંત્રણા બેઠક યોજાઈ હતી.

આજે મળેલી મહત્વની મંત્રણા બેઠકમાં પાસના કન્વિનર દ્વારા અનામત, પોલીસ દમનમાં જવાબદાર પોલીસકર્મીઓ સામે પગલા ભરવાની આંદોલનમાં મૃત્યુ પામનારાના વારસને નોકરી આપવાની અને સહાયમાં વધારો કરવાની મુખ્ય ચાર માંગણીઓ ઉપરાંત પાટીદાર આયોગ રચવાની માંગણીઓ રજુ કરવામાં આવી હતી.

મંત્રણા બેઠક બાદ એક પત્રકાર પરિષદને સંબોધતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ઉપરોક્ત જાહેરાત કરતાં જણાવ્યું હતુ કે પાટીદાર સમાજનો વિવિધ સંસ્થાઓના આગેવાનો હોદ્દેદારો પાસ એસ.પી.જી.ના કન્વિનરો પ્રમુખો સાથે મંત્રણા બેઠક મળી હતી. જેમાં તેમણે રજુઆત કરેલ ચાર મુદ્દાઓની રજુઆતો કરવામાં આવેલ.

જે અંગે રાજ્ય સરકારે બિન અનામત વર્ગની જ્ઞાતિઓ માટેનું આયોગ રચવાનો નિર્ણય કર્યો છે. અને તમામે તેને સમર્થન આપ્યુ છે. આવતીકાલે મળનારી કેબીનેટ

● અનુસંધાન પાન-૭ પર





## મંત્રણા બેઠક પરિણામલક્ષી ન રહી : હાર્દિક પટેલ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં પટેલો માટે અનામતની અમારી માંગ અંગે આજની બેઠકમાં કોઈ જ ચર્ચા થઈ નથી તેમ જણાવાતં હાર્દિક પટેલે કહ્યુ હતુ કે વાતો સકારાત્મક વાતાવરણમાં જરૂર થઈ એટલે એવો અર્થ નથી કે અમે બધામાં સહમતી આપી છે.

હાર્દિક પટેલે જણાવ્યુ હતુ કે બિન અનામત વર્ગ માટે આયોગ રચવાની વાત કરવામાં આવી તે સારી વાત છે પણ આયોગની રચના માટે વિધાનસભાનુ સત્ર બોલાવી મંજૂરી આપવામાં આવે તે પછી જ આયોગની રચના થઈ શકે તેવુ અમે માનીએ છીએ અને આ મુદ્દે સરકારે મૌન સેવ્યુ છે.

હાર્દિક પટેલે કહ્યું હતું કે આંદોલન યથાવત છે અને અમારી માંગ અનામતની સ્પષ્ટ છે અને રહી છે.

## સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્તથી કિલ્લેબંધીમાં ફેરવાયું

ગાંધીનગર, તા. ૨૬

સરકાર અને પાટીદાર સમાજના આગેવાનો સાથે આજે મંત્રણા બેઠક યોજાનાર હોઈ સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવતાં સ્વર્ણિમ સંકુલ કિલ્લેબંધીમાં ફેરવાઈ જવા પામી હતી.

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલ અનામત આંદોલનના ઉકેલ માટે રાજ્ય સરકારે પાટીદાર સમાજના આગેવાનો અને પાસ એસપીજીના આગેવાનોને મંત્રણા માટે આમંત્રણ આપતાં આજે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે મંત્રણા બેઠક મળી હતી.

જેના કારણે સુરક્ષા વ્યવસ્થા માટે સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સ્વર્ણિમ સંકુલ-૨માં બપોર બાદ માત્ર મંત્રીઓના કાર્યાલયમાં કામ કરતાં કર્મીઓ અને મુલાકાતીઓને પ્રવેશ પાસ જોઈને જ પ્રવેશ આપવામાં આવતો હતો.

સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવતા સ્વર્ણિમ સંકુલ-૨ કિલ્લેબંધીમાં ફેરવાઈ જવા પામ્યું હતું.

## પાસના કન્વિનરોએ ભાજપ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા

ગાંધીનગર, તા. ૨૬

રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ મંત્રણા બેઠક બાદ પત્રકાર પરિષદને સંબોધતા હતા તે સમયે જ પાસના કન્વિનરોએ ભાજપ હાય હાયના સૂત્રોચ્ચાર કરી સરકાર સામે વિરોધ કર્યો હતો.પાટીદાર સમાજના આગેવાનો, પાસ એસપીજીના કન્વીનરો સાથે યોજાયેલી મંત્રણા બેઠક બાદ બેઠકમાં લેવાયેલ નિર્ણય અને તેમાં સર્વેએ આપેલી સંમતિ અંગેની વિગતો પત્રકાર પરિષદને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આપી રહ્યા હતા તે દરમ્યાન ત્યાં ઉપસ્થિત પાસના કન્વિનર દિનેશ બાંભણીયા અને તેના ટેકેદારોએ ભાજપ હાય હાયના સૂત્રોચ્ચાર કરીને બેઠકમાં અનામતના મુદ્દા અંગે કોઈ ચર્ચા કરવામાં આવી ન હોઈ તેનો વિરોધ કર્યો હતો.

# સરહદ પર ઘુસણખોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ બનાવાયો

**ભારતીય ચોકી ઉપર ભીષણ ગોળીબારથી તંગદિલી : હુમલા કરવાના ઇરાદાથી ભારતમાં મોટાપાયે ત્રાસવાદીઓને ઘુસાડવાની યોજના નિષ્ફળ : બીએટીના આઠ ઘુસણખોરોને પરત ભાગી જવાની ફરજ**

નવી દિલ્હી,તા. ૨૬

જમ્મુ કાશ્મીરના કુપવારા જિલ્લાના કેરન સેક્ટરમાં ભારતીય સુરક્ષા દળોએ ઘુસણખોરીના એક મોટા પ્રયાસને નિષ્ફલ બનાવી દીધો હતો. એમ માનવામાં આવે છે કે, મંગળવારે બપોરના ગાળામાં એક વાગ્યાની આસપાસ પાકિસ્તાન તરફથી ભારતીય ચોકીઓ ઉપર ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. બીએટી ઘુસણખોરોને ખદેડી મુકવામાં આવ્યા હતા. કેરન સેક્ટરમાં ઘુસણખોરોના પ્રયાસને નિષ્ફળ કરી દેવામાં આવ્યા બાદ ભારે અંધાધૂંધી પ્રવર્તી રહી છે. ૭-૮ પાકિસ્તાનની બોર્ડર એક્શન ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી. ભારતીય સૈનિકોએ જડબાતોડ જવાબી કાર્યવાહી કરી હતી. કલાકોકો સુધી ગોળીબરની રમઝટ રહ્યા બાદ ત્રાસવાદીઓ અને જવાનો જે પાકિસ્તાનના હતા તે પરત જતા રહ્યા હતા. સાતથી આઠની સંખ્યામાં ઘુસણખોરો હતા જે ભારતમાં ઘુસણખોરી કરવા ઈચ્છુક હતા. આ ઘટના બાદ એલઓસી ઉપર પાકિસ્તાન તરફથી યુદ્ધવિરામનો ભંગ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



Coming Soon
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food
at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
Bansari Traditional, 101, F. Floor, Haveli Arcade,
Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. | M. : 8160053460



બમણો ફાયદો મેળવો!
આપના નાણાંની વૃદ્ધિ કરો + આપના પરિવારનું રક્ષણ કરો.
ડીસીબી સુરક્ષા ફિક્સ્ડ ડિપોઝિટ
આપની ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટ પર આકર્ષક વળતર મેળવો.
ડીસીબી ફિક્સ્ડ ડિપોઝિટની શરૂઆતની રકમ જેટલા જ મૂલ્યનું નિઃશુલ્ક જીવન વીમા કવચ મેળવો.
ડીસીબી સુરક્ષા ફિક્સ્ડ ડિપોઝિટ શરૂ કરવા માટે ફક્ત ૭૦૯૭૨૯૯૦૪૩ પર મિસ કોલ આપો
ડીસીબી બૅન્ક
પ્લોટ નં. ૪૩૯, સેક્ટર – ૧૬
ઘ રોડ, ગાંધીનગર – ૩૮૨૦૧૬
કોલ: ૯૮૨૫૫૪૨૦૨૬ / ૯૮૨૫૯૭૪૧૦૦
DCB BANK
નિયમો અને શરતો લાગુ
DCB Bank Limited